તા. ૧૧.૦૯.૨૦૨૫

ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૦૨

# ચ-5 સર્કલની ફુવારાની ઓળખ જાળવી રખાશે, અલાયદી ડિઝાઇન તૈયાર કરાશે

## ખંડિત થયેલા સર્કલોના રી-ડેવલપમેન્ટનો તખ્તો તૈયાર

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

વિશાળ- પહોળા રસ્તા અને દરેક ચાર રસ્તા પર વિવિધ થીમ પરના સર્કલ એ ગાંધીનગરની વિશેષ ઓળખ હતી. પરંતુ સમય જતાં અને વિકાસના કામોમાં છેલ્લા કેટલાક સમયથી સર્કલોનું ડેવલપમેન્ટ અટવાઇ ગયું છે જોકે હવે તબક્કાવાર સર્કલોની કાયાપલટ કરવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે. ખાસ કરીને મેટ્રો રેલના રૂટ પર ખંડિત થયેલા સર્કલોનું રીડેવલપમેન્ટ કરવામાં આવનાર છે. શહેરનું વર્ષો જૂનું ફુવારા વાળું સર્કલ તરીકે ઓળખાતું ચ-5 સર્કલને ફરી તેની ઓળખ પાછી અપાવવા પણ આયોજન થઇ રહ્યું છે. આ સર્કલ પર ખાસ થીમ સાથેનો ફુવારો મૂકવા વિશેષ ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે.

ચ- 5 સર્કલ અગ્રગણ્ય ફાર્મા કંપનીને વિકસાવવા માટે આપવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ સર્કલની ડિઝાઇનમાં ખાસ પ્રકારનો ફુવારો ગોઠવવા કહેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ ડિઝાઇનને એપ્રૂવલ આપ્યા બાદ જ કામગીરી ચાલું કરવામાં આવશે. આ ઉપરાંત ઘ-5 સર્કલ મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યું છે મહાનગરપાલિકા દ્વારા અગાઉ ચ-2 સર્કલને ન્યાયની થીમ પર અને ગ-1 સર્કલને સંગીતની થીમ પર વિકસાવાયું છે. હાલ ચ-3 સર્કલને સુશાસનની થીમ પર વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે તે પછી ઘ-5 સર્કલની કામગીરી હાથ પર લેવામાં આવશે. સેક્ટર-17ના કોર્નર પર છ-5 સર્કલ ચિલ્ડ્રન યુનિવર્સિટી હસ્તક હતું પરંતુ યુનિવર્સિટી અહીંથી ખસેડાઇ હોવાથી હવે આ સર્કલ કોસ્ટગાર્ડને સોંપવાની કવાયત ચાલી રહી છે. પોલીસ ભવન સર્કલ પોલીસ તંત્ર દ્વારા ડેવલપ કરાશે. ઘ-5 સર્કલ અગાઉ એસબીઆઇ હસ્તક હતું તેના બદલે હવે સેક્ટર-19 પનિત વન પહેલાના ચારરસ્તા પરનું સર્કલ એસબીઆઇ દ્વારા વિકસાવાશે.